સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે
ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક.......
શાખા.......

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૯- ૮૦ -મ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨ / ૦૮ /૨૦૦૯

વંચાણે લીધાઃ-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા. ૨-૭-૨૦૦૭

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ, તા. ૧૪-૯-૨૦૦૭

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૮-૧-મ, તા. ૧૨-૮-૨૦૦૮

## પ રિ પ ત્ર

રાજય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે નાણા વિભાગના તા. ૨-૭-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ થી યોજના દાખલ કરવામાં આવેલ છે. આ બાબતમાં નાણા વિભાગના તા. ૧૪-૯-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ તેમજ તા. ૧૨-૮-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૮-૧-મ થી કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ છે. આમ છતાં આ યોજનાના અમલ તેમજ અર્થઘટનના સંદર્ભમાં જરૂર જણાતા કેટલીક વધુ સ્પષ્ટતાઓ નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

સ્પષ્ટતાઓ

(૧) જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવાની શરતો પરિપૂર્ણ કરતાં હશે, પરંતુ તેવા કર્મચારીઓને જો, ખાતાકીય પરીક્ષામાં બેસવાની તક જ મળી ન હોય તેમને ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે. આ રીતે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર

કર્મચારીઓએ ત્યારબાદ, તુરત જ યોજાનાર ક્રમીક ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઇને નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય પણ તે પહેલાં આવા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાં બેસવાની તક ઉપલબ્ધ થઇ હોય અને ખાતાકીય પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા હોય પણ તેઓ કોઇ કારણસર ખાતાકીય પરીક્ષામાં બેઠા ન હોય,- મળવાપાત્ર તક જતી કરી હોય તો તેવા કર્મચારીઓને ~~પાત્રતાની~~ બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જે કર્મચારીઓને ૨૪ વર્ષે જે સંવર્ગનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હોય અને ખાતાકીય પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા ન હોવાના કારણસર ખાતાકીય પરીક્ષા આપી શકયા ન હોય તેવા કર્મચારીઓને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે. આવા કર્મચારીઓએ ત્યારબાદ તુરત જ લેવાનારી ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઇ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૩) નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરનાર કર્મચારીને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે. જયારે નિયત તક પછીની તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરનાર કર્મચારીને આવી પરીક્ષા પાસ કર્યાની તારીખથી (પરિણામની તારીખ) જ બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી.દરજી)

નાયબ સચિવ,

નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માનનીય મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
  માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય.

D:\SRUTI-MD\સે.અ. મ-શાખા.doc8/12/2009